**એમ. બી. ગાંધી,**
**કાર્યપાલક ઈજનેર.**

**પુર્વ(વરાછા) ઝોન – એ**
**સુરત મહાનગરપાલિકા**

બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલયની બાજુમાં, લંબે હનુમાન રોડ, સુરત.

ઈ.ઝેડ/ સંમતિ પત્ર/ નં. ૩૬૩૫
તા.૨૭/૧૦/૨૦૨૬

પ્રતિ,

વિષયઃ– પૂર્વ (વરાછા)ઝોન–એ વિસ્તારમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૪(અશ્વની કુમાર–નવાગામ), ટી.પી. સ્કીમ નં.૧૫(ફુલપાડા), ટી.પી.સ્કીમ નં.૧૭ (ફુલપાડા અને ગામતળ), ટી.પી.સ્કીમ નં.૨૦(નાના વરાછા–કાપોદ્રા પશ્ચિમ બાજુ), તથા ઝોનનાં અન્ય જરૂરીયાતમંદ વિસ્તારોમાં પાણી વિભાગની રોજીંદી કામગીરી માટે ૦૧ (એક) નંગ જે.સી.બી. મશીન ભાડે રાખવાનું કામ.

સંદર્ભઃ–(૧) સ્થાયી સમિતિ ઠરાવ નં.૮૩૦/૨૦૨૫, તા.૨૪/૦૪/૨૦૨૫ થી મંજુર થયેલ યુનિટ રેઇટ ટેન્ડરના ભાવો અને શરતોને આધિન.

મહાશય,

પૂર્વ (વરાછા)ઝોન–એ માં પાણી વિભાગની રોજીંદી કામગીરી માટે ૦૧ (એક) નંગ જે.સી.બી. મશીન ભાડે રાખવાનું કામ **સ્થાયી સમિતિ ઠરાવ નં.૮૩૦/૨૦૨૫, તા.૨૪/૦૪/૨૦૨૫ થી મંજુર થયેલ ટેન્ડરનાં ભાવો, શરતો અને સ્પેશીફીકેશન** મુજબ અંદાજીત ટેન્ડર રકમ **રૂા.૧૫,૦૦,૦૦૦ પૈ.** ની ખર્ચ મર્યાદામાં કામગીરી કરવા જો આપ રસ ધરાવતા હોય, તો આપના લેટરપેડ પર લેખિત સંમતિ, બાનાની રકમ **રૂા.૧૫૦૦૦/–** કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામના સુરત ખાતેની રાષ્ટ્રીયકૃત/ શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ તેમજ નીચે જણાવેલ ક્વોલીફિકેશન ડોકયુમેન્ટ સહિત **તા.૨૬../..૧૦../૨૦૨૬** સુધીમાં નીચે સહી કરનારની કચેરીમાં પહોંચાડવા પ્રબંધ કરશો. નિયત સમયમર્યાદા બાદ મળેલ સંમતિ રદબાતલ ગણવામાં આવશે.

## –: શરતો :–

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે **રૂા.૧૫૦૦૦/–** ની આપવાની રહેશે.
૨. ઈજારદારે પૂર્ણ કરેલ કામના અથવા ચાલુ કામના વર્ક ઓર્ડરની પ્રમાણિત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૩. ઈજારદારે શીડયુલ–બી માં જણાવેલ ભાવ ની શરતોને બંધનકર્તા રહેશે.
૪. કોઈપણ તથા બધા જ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.
૫. તમામ પ્રકારના વેરા/સરકારી ટેક્ષ ઈજારદારે ભોગવવાનાં રહેશે.
૬. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.,
૭. સદર કામગીરી બાબતે અત્રેના પાણી વિભાગના ટેકનીકલ સ્ટાફ આસી./જુની. ઈજનેર, સુપરવાઈઝર (સિવિલ), ટેકનીકલ આસીસ્ટન્ટ(સિવિલ) નો સંપર્ક કરવો.

કાર્યપાલક ઈજનેર,
પૂર્વ (વરાછા) ઝોન–એ,
સુરત મહાનગરપાલિકા.